બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે

૭૩માં સ્થાપના દિવસની ઉજવણી ઓનલાઈન ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા કરાઈ

વલ્લભ વિદ્યાનગર, તા. ૧૫

ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે તા.૧૪/૦૬/૨૦૨૦ ના રોજ ૭૩ માં સ્થાપના દિવસ ની ઉજવણી ઓનલાઈન ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા કરવામાં આવી.જેમાં મુખ્ય અતિથિ તરીકે ચારુતર વિદ્યામંડળ ના અધ્યક્ષ એન્જીનીયર ભીખુભાઈ પટેલ,સંસ્થા ના પ્રિન્સિપાલ ડૉ.ઈંદ્રજિત એન.પટેલ,એન્જીનીયર પ્રદીપભાઈ પટેલ (માનદ મંત્રી,બીવીએમ એલ્મની એસોસિએશક),વાઈસ પ્રેસિડેન્ટ ઓફ બીવીએમ સેન્ટ્રલ કમિટી પ્રો.બી.એસ. પટેલ તથા ડૉ.ભાર્ગવ

ગોરડિયા,દરેક વિભાગીય વડાઓ,ડૉ એસ.ડી.ધીમાન (TEQIP-III કોર્ડીનેટર), ડૉ.આકાર રોઘેલિયા (કલચરલ કોર્ડીનેટર,બીવીએમ), ડૉ.રાજવીરસિંહ રાણા (SSIP કોર્ડીનેટર, બીવીએમ) તથા અન્ય અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.ઈવેન્ટ ની શરૂઆત માં ડૉ.ભાર્ગવ ગોરડિયા એ પ્રાર્થનાગીત રજુ કર્યું હતું.

બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે ૭૩ માં સ્થાપના દિવસ ની ઉજવણી ના પ્રસન્ગે સંસ્થા ના પ્રિન્સિપાલ ડૉ.ઈંદ્રજિત એન.પટેલે જણાવ્યું હતું કે પૂજ્ય શ્રી સરદાર પટેલ, ભાઈકાકા,શ્રી ભીખાભાઈ ના સહિયારા પ્રયાસ તથા શ્રી ઘનશ્યામદાસજી બિરલા ના અનુદાન થી બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ની સ્થાપના વર્ષ ૧૯૪૮ માં ૧૪ મી જૂને થઈ હતી ત્યારે માત્ર ૩૦ અધ્યાપકો તથા ૩૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા આજે બીવીએમ માં ૩૦૦ થી વધુ અધ્યાપકો તથા કર્મચારીઓ કાર્યરત છે તથા ૩૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.૩ લાખ ચો.ફૂટ બાંધકામ ધરાવતું બીવીએમ નું હરિયાળું કેમ્પસ એ બીવીએમ ની આગવી ઓળખ છે.ચારુતર વિદ્યામંડળ ના વિઝન યુથ ડેવલપમેન્ટ ને અનુલક્ષી ને બીવીએમ માં ટીચિંગ ર્લનિંગ એક્ટિવિટી, કલચરલ,સ્પોર્ટ્સ ,એન.સી.સી ,એન.એસ.એસ દ્વારા વિદ્યાર્થીઓ માં જે મૂલ્યોનું સિંચન થાય છે તે ચારિત્ર્યવાન યુવાનો ના ઘડતર માટે તથા સમાજ ને આત્મનિર્ભર બનાવવા માં મહત્વ નો ભાગ ભજવે છે.આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે IIT,NIT જેવી સગવડ બીવીએમ માં ઉપલબ્ધ કરાવવા બદલ બીવીએમ એ ચારુતર વિદ્યામંડળ,બીવીએમ એલ્યુમની મેમ્બર્સ તથા દાતાશ્રીઓ ,રાજ્ય સરકાર,કેન્દ્રસરકાર તથા વર્લ્ડબેન્ક નો આભાર વ્યક્ત કરે છે.વલ્ડબેન્ક મેન્ટર કેટેગરી માં પ્રથમ ૧૦ માં સ્થાન તથા NIRF-2020 રેન્કિંગ માં પ્રથમ ૩૦૦ માં બીવીએમ એ સ્થાન મેળવ્યું છે તે સૌ માટે ગૌરવપૂર્ણ બાબત છે. covid-19 પેન્ડેમિક માં પણ બીવીએમ ના વિદ્યાર્થીઓ એ ઓનલાઈન ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા વેબિનાર્સ,ટ્રેનિંગ પ્રોગ્રામ્સ,વર્કશોપ્સ માટે જે સાતત્યતા દાખવી છે તે પ્રશંશનીય છે.

પ્રદીપભાઈ પટેલે બીવીએમ ના ૭૩ માં સ્થાપના દિન નિમિતે સૌને શુભેચ્છા પાઠવી હતી તથા PM cares ફંડમાં Covid-19 માં દેશને નાણાકીય મદદ કરવા બદલ ચારુતર વિદ્યામંડળ,બીવીએમ એલ્મની એસોસિએશન તથા બીવીએમ ના કર્મચારીઓ નો આભાર વ્યક્ત કર્યો હતો.

ચારુતર વિદ્યામંડળ ના અધ્યક્ષ એંજિનિયર ભીખુભાઈ પટેલે જણાવ્યું હતું કે સમગ્ર વિશ્વ માં હાલ ૨૦૦૦૦ થી વધુ બીવીએમ ના એન્જીનીયર્સ અલગ અલગ જગ્યાએ કાર્યરત છે તથા બીવીએમ એલ્મની એસોસિએશન ૧૧૦૦૦થી વધુ લાઈવ મેમ્બર્સ ધરાવે છે તેમણે વધુ માં જણાવ્યું હતું કે પોતે બીવીએમ ના એન્જીનીયર છે તથા વર્તમાન સમય માં ચારુતર વિદ્યામંડળ નું સુકાન સંભાળતા કૃતજ્ઞતા તથા ગર્વ અનુભવે છે તથા બીવીએમ માટે સીવીએમ હંમેશા મદદરૂપ થવા માટે પ્રયત્નશીલ રહેશે.ડૉ. આકાર રોઘેલિયા એ કલચરલ ઈવેન્ટ ખોજ લોન્ચ કરી તેના વિષે માહિતી આપી હતી તથા ડૉ.રાજવીરસિંહ રાણા આત્મનિર્ભર ભારત પર આધારિત આગામી સમય માં યોજનાર આઈડિયાથોન તથા હેકાથોન વિષે માહતી આપી હતી તથા ચારુતર વિદ્યામંડળ ના અધ્યક્ષ એંજિનિયર ભીખુભાઈ પટેલેએન્જીનીયર ભીખુભાઈ પટેલે https:// www.ssipbvm.com વેબસાઈટ લોન્ચ કરી હતી.અંતે પ્રો.બી.એસ.પટેલે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

સમગ્ર ઈવેન્ટ નું સંચાલન ડૉ.ભાર્ગવ ગોરડિયા તથા સ્ટુડન્ટ કોર્ડીનેટર સૃષ્ટિ સિંઘે કર્યું હતું.ઈવેન્ટ ને સફળ બનાવવા માટે તરુણ નાગર(G.S),સલોની ગજ્જર(L.R) તથા સ્ટુડન્ટ ટીમે ઉત્સાહપૂર્વક કામગીરી હાથ ધરી હતી.ઉપરોક્ત ઈવેન્ટ ને યુ-ટ્યુબ પર ૭૦૦ થી વધુ લોકો એ લાઈવ નિહાળી હતી

ગાંધીનગર જિલ્લામાં માહી કોમર્સ ઝોનનો વિદ્યાર્થી ધોરણ-૧૨માં સર્વપ્રથમ

ગાંધીનગર,તા. ૧૫

ધોરણ કોમર્સમાં ૯૨.૨૯ % સાથે ૬૪૬ ગુણ પીઆર ૯૯.૯૬ એચ બી કાપડીયા - મેમનગર પ્રથમ રહી કોમર્સ ઝોન - ગાંધીનગરનું ગૌરવ વધાર્યું હતું.

સામાન્ય પ્રવાહનું રિઝલ્ટ જાહેર થયું ત્યારે સૌથી વધુ પરિણામ ધરાવતા માંજલ સેન દ્વારા પૂછવામાં આવતાં તેમણે જણાવ્યું કે પોતે સી.એ. બનવા માંગે છે, અત્યારના સમયમાં પ્રોફેશનલ તરીકે જેની ખૂબ માંગ છે.

સફળતાનો શ્રેય માતાપિતા, શિક્ષકો, શાળા તથા દશરથ સર - માહી કોમર્સ ઝોનને હું મારા પરિણામનો શ્રેય આપું છું.

માહી કોમર્સ ઝોનના ૧ વિદ્યાર્થી એ-૧ ગ્રેડ તથા ૧૫ એ-૨ ગ્રેડ મેળવી ગાંધીનગરમાં ખૂબ જ સફળતા પ્રાપ્ત કરી છે.

એ-૧ ગ્રેડમાં ૩ માર્ક્સથી રહી ગયેલ દેવયાની પટેલ પોતે ગુજરાતી માધ્યમમાંથી અંગ્રેજી માધ્યમમાં ખૂબ જ સરસ પરિણામ મેળવી પોતે હવે આઈઆઈએમ ઈન્સ્ટિટયુટમાં પ્રવેશ મેળવવા માંગે છે. પોતે CA/CS રચના મેડમ પાસેથી માર્ગદર્શન મેળવી માહી કોમર્સ ઝોનનું ગૌરવ વધારેલ છે.

એલન કેરિયર ઈન્સ્ટિટ્યૂટ દ્વારા થેલેસેમિયાના બાળકો માટે રક્તદાન શિબિર આયોજન

ગાંધીનગર, તા. ૧૫

હાલના સમયમાં કોરોના રોગચાળાને લીધે ૨૫ માર્ચથી દેશભરમાં ૬૭ દિવસ લોકડાઉન થયું હતું, ઘણી હોસ્પિટલો અને આરોગ્ય ક્ષેત્રે તેનો ખૂબ પ્રભાવ પાડ્યો હતો. લોકડાઉનને કારણે કેન્સર, થેલેસેમિયા, શસ્ત્રક્રિયા વગેરે જેવી વિવિધ બિમારીઓથી, વ્યાધિઓથી પીડાતા દર્દીઓ માટે લોહીનો પૂરતો સંગ્રહ થઈ શક્યો ન હતો અને જમા પૂર્વઠો ઓછો થતો જાય છે.

વિશ્વ બ્લડ ડોનર ડે ના અવસરે પ્રથમા બ્લડ સેન્ટર સાથે મળી ને રક્તદાન નું આયોજન કર્યું હતું જેમાં ૬૦ થી વધુ લોકો એ રક્તદાન કર્યું હતું કવિડ-૧૯ ના સમય માં આટલા લોકો નું રક્તદાન કરવું એ સામાજિક જવાબદારી દર્શાવે છે. રક્તદાન દરમિયાન સામાજિક અંતર નું

પૂરતું ધ્યાન આપવામાં આવ્યું હતું.

એલન કેરીયર ઈન્સ્ટિટ્યૂટે વધુમાં વધુ રક્તનું દાન કરવાનું વચન આપ્યું છે અને તેમના ઉમદા હેતુ માટે ગુજરાતની બ્લડ બેંકોને સમર્થન પણ આપ્યું છે. સંસ્થાએ તેના સ્થાપના દિવસમાં એટલે કે ૧૮મી એપ્રિલ ૨૦૨૦ માં આપણા કોરોના યોદ્ધાઓને રક્ષણાત્મક માસ્ક, ગ્લોવ્સ અને અન્ય જરૂરીયાતો પ્રદાન કરવામાં આવેલ હતી. હવે, રક્તદાન કરીને તેની બીજી પરંપરા પૂર્ણ કરીને ફરીથી પ્રયાસ કરવાનો પ્રયાસ કર્યો છે. માનવતા અને કૃતજ્ઞતાના સંકેત તરીકે સમાજને પાછું આપો.

મગોડી સ્થિત પી આર ઠક્કર વિદ્યાવિહાર ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું ૧૦૦ ટકા પરિણામ

ચિલોડા, તા. ૧૫

મગોડી ખાતે આવેલ પી આર ઠક્કર વિદ્યામંદિર એચ.એસ.સી. ધોરણ-૧૨નું પરિણામ ૧૦૦ ટકા જેટલું આવ્યું છે. જેમાં પ્રથમ નંબરે હાર્દિક રબારી ૮૬ ટકા, દ્વિતીય નંબરે બિહોલા માનસી ૮૫ ટકા, અને તૃતીય નંબરે ઠાકોર લક્ષ્મી ૮૨.૫૭ ટકા પ્રાપ્ત કરી શાળાનું અને ગામનું ગૌરવ વધાર્યું છે. મગોડી શાળાએ સતત પાંચમા વરષે ૮૦ ટકાથી વધારે પરિણામ પ્રાપ્ત કરી તાલુકાનું નામ રોશન કર્યું છે. તમામ વિદ્યાર્થીઓને મંડળના પ્રમુખ તેમજ શાળાના આચાર્ય મનુભાઈ પ્રજાપતિ દ્વારા તમામ ઉત્તિર્ણ થનાર તેજસ્વી તારલાઓને અભિનંદન પાઠવ્યા હતા.

'કરો યોગ, રહો નિરોગ' શ્રી અરવિંદ કેન્દ્ર ખાતે એક સપ્તાહ યોગ શિબિર

ગાંધીનગર,તા. ૧૫

વિશ્વમાં ૨૧ જૂનને યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ગુજરાત સરકાર દ્વારા યોગ બોર્ડની આગેવાની હેઠળ યોગ સપ્તાહ ઉજવવાનું નક્કી કર્યું છે. ગાંધીનગર સેક્ટર - ૨૩ શ્રી અરવિંદ કેન્દ્ર ખાતે ૧૫ જૂનથી ૨૧ જૂન પારૂલ મહેતા નિઃશુલ્ક યોગ શિબિર સવારે છ થી સાત લેવાનાં છે. સોશિયલ ડિસ્ટન્સનું ધ્યાન રાખીને આ શિબિર આયોજિત થશે. યોગ અને પ્રાણાયામ દ્વારા કોરોના સામે શરીર સજ્જ થઈ શકે છે. રસ ધરાવતા સભ્યો શ્રી અરવિંદ કેન્દ્ર ખાતે પારૂલ મહેતાનો સંપર્ક કરી શકે છે.

પ્રેરણા વિદ્યાલય દ્વારા યોજાતી બાળ રથયાત્રા મોકુફ રખાઈ

ગાંધીનગર,તા. ૧૫

દર વર્ષે પ્રેરણા વિદ્યાલય દ્વારા ગાંધીનગરમાં પ્રેરણા બાળ રથયાત્રાનું આયોજન કરવામાં આવે છે. પરંતુ આ વર્ષે રથયાત્રા કમિટીના બધા સભ્યોએ મિટીંગમાં અધ્યક્ષ કનૈયાલાલ પંડ્યા, ઉપાધ્યક્ષ કેસરીસિંહ બિહોલા તથા મંત્રી પ્રદિપસિંહ બિહોલાની આગેવાનીમાં લેવાયેલ નિર્ણયના આધારે વર્તમાન કોવિડ-૧૯ની મહામારી તથા સર્વભક્તોની સ્વાસ્થ્યને ધ્યાનમાં લઈને આ વર્ષે પ્રેરણા પરિવાર તરફથી બાળ રથયાત્રાનું આયોજન મોકૂફ રાખેલ છે.

'આર્ષ' અક્ષરધામ, પ્રવચનમાળા અંતર્ગત

'પર્યાવરણની રક્ષા - આપણી સુરક્ષા' વિષય પર ૯૧મું પ્રવચન

ગાંધીનગર,તા. ૧૫

'આર્ષ' શોધ સંસ્થાન અક્ષરધામ ગાંધીનગર દ્વારા વિશ્વવંદનીય સંત પ. પૂ. પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા અને પ. પૂ. મહંતસ્વામી મહારાજના કૃપાશિષ હેઠળ છેલ્લા ૨૨ વર્ષથી ગંગાના પ્રવાહની જેમ વહેતી આર્ષ પ્રવચનમાળામાં ભારતીય મૂલ્યોનું સંવર્ધન થાય, તે હેતુને લક્ષમાં રાખીને વિદ્વાનો દ્વારા વ્યક્તિવિશેષ, સામાજિક સમસ્યા, દર્શન અને શાસ્ત્ર - વિષયો આવરી ત્રૈમાસિક પ્રવચનનું આયોજન કરવામાં આવે છે. આ ક્રમમાં સામાજીક સમસ્યા અંગે 'પર્યાવરણની રક્ષા - આપણી સુરક્ષા' વિષયે ૯૧માં પ્રવચનનું આયોજન તા. ૨૮-૩-૨૦૨૦ ના રોજ થયેલું હતું. આ પ્રસંગે ડૉ. ભરત જૈન, સભ્યસચિવ, ગુજરાત ક્લીનર પ્રોડક્શન સેન્ટર, ગાંધીનગર વક્તવ્યનો લાભ આપનાર હતા. પરંતુ, કોવીડ-૧૯ મહામારી અને લોકડાઉનના પગલે તે શક્ય બન્યું ન હતું. સામાજીક દૂરી બનાવી રાખવાની આવશ્યકતા સાથે શ્રોતાઓની ઉત્કંઠાને ન્યાય આપી શકાય તે હેતુથી આર્ષ અને શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે સિસકોના વેબેક્ષ માધ્યમથી વેબીનારના રૂપમાં તા. ૧૩/૦૬/૨૦૨૦ના રોજ પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું. તેમાં મોટી સંખ્યામાં શ્રોતાઓ જોડાયા હતા.

પ્રવચનની શરૂઆતમાં સંચાલક પૂ. શ્રુતિપ્રકાશદાસ સ્વામીએ પૂ. આનંદસ્વરૂપદાસ સ્વામી, મહંતશ્રી અક્ષરધામ ગાંધીનગર, વક્તા શ્રી ડૉ. ભરત પી. જૈન, સભ્યસચિવશ્રી, ગુજરાત ક્લીનર પ્રોડક્શન સેન્ટર, ગાંધીનગર, પ્રો. ગોપબંધુ મિશ્ર, કુલપતિશ્રી, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ તથા શ્રી દશરથભાઈ જાદવ, કુલસચિવશ્રી, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળનો સંક્ષિપ્ત પરિચય આપ્યો હતો.

સ્વાગત પ્રવચનમાં પ્રો. ગોપબંધુ મિશ્રએ જણાવ્યું હતું કે, આર્ષ દ્વારા છેલ્લા ૨૨ વર્ષથી ત્રૈમાસિક પ્રવચનમાળા યોજવામાં આવે છે. તેના ૯૧માં પ્રવચનનું આયોજન સંયુકત ઉપક્રમે યોજવામાં આવ્યું તે અંગે હર્ષ વ્યક્ત કરું છું. પર્યાવરણની જાળવણી અંગેની પ્રાકૃતિક વ્યવસ્થાની ચર્ચા કરતાં તેઓએ વરસાદના પાણીના સર્જનમાં સૂર્ય-તેજ, પૃથ્વી, જળ, વાયુ અને આકાશની ભૂમિકાના ઉદાહરણથી સમજાવ્યું કે, પાણીનું નિર્માણ કરતાં પંચમહાભૂત દ્વારા જ મનુષ્ય શરીર બનેલું છે. સમગ્ર પર્યાવરણ જેમાં સજીવ-નિર્જીવ સૃષ્ટીનો સમાવેશ થાય છે તે પંચમહાભૂતના બનેલા છે. તેથી પ્રકૃતિના સર્વે ઘટકો વચ્ચે સંકલન-સંતુલન જળવાતું હોય ત્યારે જીવન સુખમય, શાંતિમય લાગે છે.

> - રી-સાયક્લ અને રિ-યુઝ કરી શકીએ તેવી વસ્તુઓના વધારે ઉપયોગ દ્વારા જોખમાંયેલાં પર્યાવરણને પુનઃ પૂર્વવત કરી શકાય.
>
> - પ.ભ. ડૉ. ભરત પી. જૈન
>
> - પર્યાવરણ પ્રદૂષણની સાથે સાથે આપણે આપણા માનસિક પ્રદૂષણને પણ નિયંત્રિત કરવાની જરૂર છે.
>
> - પૂ. આનંદસ્વરૂપદાસ સ્વામી

'પર્યાવરણની રક્ષા - આપણી સુરક્ષા' વિષય પર જણાવતા ડૉ. ભરત જૈને જણાવ્યું હતું કે, અક્ષરધામ ખાતે યોજાતી આર્ષ પ્રવચનમાળા તેઓએ શ્રોતા તરીકે માણી છે. પરંતુ જયારે પ્રવચનમાળાના ૯૧માં મણકામાં વક્તા તરીકેની સેવા મળી છે ત્યારે આનંદ સાથે ગૌરવની લાગણી વ્યક્ત કરું છું.

પર્યાવરણ એટલે શું? તે સ્પષ્ટ કરતાં જમીન, તેજ, પાણી, વાયુ અને આકાશ એટલે કે પંચમહાભૂતના ઘટકો જ પર્યાવરણ છે તેમ જણાવ્યું હતું. આપણી સંસ્કૃતિમાં પર્યાવરણને સદીઓ પૂર્વેથી સમજાવવામાં આવ્યું છે. વેદ અને પુરાણોમાં તેની સ્પષ્ટ વ્યાખ્યા સમજાવવામાં આવી છે. દરેક જીવમાં આ પંચમહાભૂતો રહેલા છે. હિન્દુ સંસ્કૃતિ અનુસાર આપણે પર્યાવરણના ઘટકોનું પૂજન કરીએ છીએ. નદી અને ધરતીને માતા ગણવામાં આવે છે. સૂર્ય, જળ, વાયુને દેવતા તરીકે પૂજવામાં આવે છે. સમગ્ર પૃથ્વીને એક કુટુંબ ગણવામાં આવે છે. પાશ્ચાત્ય

સંસ્કૃતિમાં Survival of the fittest માનવામાં આવે છે. જ્યારે આપણી સંસ્કૃતિ Live and let Live માં માને છે.

પર્યાવરણ અસંતુલિત થવામાં માનવ જાતનું સૌથી મોટું યોગદાન છે. (૧) વસ્તી વધારો, (૨) શહેરીકરણ, (૩) ઔદ્યોગીકરણ, (૪) પ્રાકૃતિક ઘટકોનો વધતો જતો વપરાશ વગેરે તેનાં મુખ્ય કારણો છે. આપણા દેશમાં લગભગ ૧૩૬ કરોડની વસતી છે. જેને કારણે પાણી અને હવાનો વપરાશ વધી રહ્યો છે. જેથી સૌ પ્રથમ તો વસ્તીવધારો નિયંત્રિત કરવો હવે અનિવાર્ય બન્યો છે. ગ્રામ્યજીવન ઘટતું જાય છે અને શહેરીકરણ વધતું જાય છે. નવા નવા શહેરોના નિર્માણમાં વધુને વધુ ફળદ્રુપ જમીનનો નાશ અને વૃક્ષો કાપી નાંખવામાં આવી રહ્યાં છે. ગ્રીન કવર ઘટવાના કારણે પ્રાણવાયુ (ઓક્સિજન)નું સ્તર જોખમાયું છે.

ઔદ્યોગિક ક્ષેત્રોમાં આગળ વધવાની આંધળી હરિફાઈમાં એટલું બધું પ્રદૂષણ ફેલાવવાનું શરૂ કરી દીધું છે કે મોટાભાગની હવા આપણે પ્રદૂષિત કરી દીધી છે. એટલા બધા કેમિકલોનો વપરાશ અને કાળો ધુમાડો માનવજાત તેમજ સમગ્ર જીવસૃષ્ટિના આયુષ્ય પર અસર કરી રહ્યો છે. ઔદ્યોગિકરણની માનવજીવન પરની માઠી અસરના (૧) લંડન સ્મોગ (૧૮૫૨). (૨) ભોપાલ ગેસ દુર્ઘટના (૧૯૮૪). (૩) કાર્બોનાઈલ દુર્ઘટના (૧૯૮૬). (૪) ફૂકૂસીમા (જાપાન) ન્યુક્લિઅર (૨૦૧૧) જેવા આંતરરાષ્ટ્રીય સ્તરે નોંધાયેલા દૃષ્ટાંતો રજુ કર્યા હતાં. વધતા તાપમાને કારણે એમેઝોનના જંગલોમાં તથા ઓસ્ટ્રેલિયાના જંગલોમાં આગની વિગતો દર્શાવી હતી. આવી તમામ ઘટનાઓ પર્યાવરણને ખલેલ પહોંચાડે છે તેમ જણાવ્યું હતું. વિકાસ કરવો જરૂરી છે પરંતુ તેને કારણે પર્યાવરણ જોખમાઈ રહ્યું છે. જેને કારણે ક્લાઈમેન્ટ ચેન્જ થઈ રહ્યું છે. જંગલોનો નાશ, વધારે પડતું માઈનીંગ નિયંત્રિત કરવાની જરૂરીયાત જણાવી હતી.

પર્યાવરણ વિષયના પોતાના લાંબા અનુભવના નિચોડરૂપે પ્રેઝન્ટેશનના માધ્યમથી સમજ આપતાં તેઓએ જણાવ્યું હતું કે, શહેરીકરણ. ઔદ્યોગીકરણ કે પ્રાકૃત્રિક ઘટકોનો ઉપયોગ કઈ રીતે શક્ય બને. રોજીંદા વપરાશમાં ઉપયોગમાં લેવાતા પાણી, અન્ન, વીજળી, કાગળ, ઈલેક્ટ્રોનીક ઉપકરણો વિગેરેમાં કઈ રીતે કરકસર કરી તેનો વ્યય અને તે દ્વારા ઉત્પન્ન થતો કચરો ઘટાડી શકાય તે સ્પષ્ટ કર્યું હતું રી-સાયક્લ અને રિ-યુઝ કરી શકીએ તેવી વસ્તુઓના વધારે ઉપયોગ દ્વારા જોખમાંયેલાં પર્યાવરણને પુનઃ પૂર્વવત કરવાની દિશામાં પગલા લેવા સૂચવ્યું હતું.

પૂ. શ્રુતિપ્રકાશદાસ સ્વામીએ 'દર્શન' વિષયના 'પ્રાચીન યોગ અને વર્તમાન યોગા (રૂપ્સ્ટ્ર)' શીર્ષકના આગામી ૨૭/૦૬/૨૦૨૦ના ના રોજ થનાર પ્રવચનની રૂપરેખા જણાવી હતી.

સમાપન પ્રવચનમાં પૂ. આનંદસ્વરૂપ સ્વામીએ આશીર્વચન પાઠવતા જણાવ્યું હતું કે આપણા હિન્દુ શાસ્ત્રોમાં, શ્રવણ, મનન, નિદિધ્યાસ અને સાક્ષાત્કાર.. ચાર બાબતોનો ઉલ્લેખ છે. આપણે જે કંઈ સાંભળીએ છીએ તેને શ્રવણ કહેવાય છે. મનનનો અર્થ એ થાય છે કે, આપણે આપણા જીવનની અંદર કેટલું અપનાવી શકીએ એ વિચાર મનન કહેવાય છે. નિદિધ્યાસ એટલે આપણા જીવનમાં થતી ભૂલોને સુધારતાં જવું જેને નિદિધ્યાસ છે. જીવનની અંદર ઉતરે તેને આપણે સાક્ષાત્કાર કહીએ છીએ. આપણી આસપાસના વિસ્તારોમાં સ્વચ્છતા, જરૂરી માત્રામાં ભોજન, સવારથી સાંજ સુધીની દિનચર્યામાં પાણીનો ચોક્કસ માત્રામાં ઉપયોગ, બિનજરૂરી વસ્તુઓનો વપરાશ ઘટાડવો વગેરે ખૂબ જ જરૂરી છે. આ ઉપરાંત આપણે આપણા માનસિક પ્રદૂષણને પણ નિયંત્રિત કરવાની જરૂર છે. ગુસ્સો-લોભ-ઈર્ષ્યા-અભિમાન મનના દોષો એ માનસિક પ્રદૂષણ છે. જેને આપણે માનસમાંથી દૂર કરવાની દિશામાં અગ્રેસર થવું જોઈએ.

અંતે શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળના શ્રી દશરથભાઈ જાદવ, કુલસચિવશ્રીએ આ કાર્યક્રમમાં સહભાગી થનાર સૌ કાર્યકર્તાઓ તથા અધિકારીઓનો આભાર માન્યો હતો

ડાયરેક્ટ ❤ સે

જીવનના બે મહત્ત્વના નિયમો :

(૧) અટકો નહીં

(૨) નડો નહીં.

પહેલો નિયમ પાળશો, તો બીજો પળાઈ જ જશે...

જન્મદિને વધામણી

હિના પ્રદિપ ગગલાણી
એડવોકેટ અને નોટરી
મો. ૯૮૨૪૩ ૯૯૧૨૧

સીમા દવે
ફોન : ૨૩૨૬૦૫૬૨

અમૃતલાલ એમ પરમાર

મિહીરસિંહ મકવાણા
મો. ૯૪૨૪૯ ૭૫૩૪૬

જયંતિભાઈ જે રાવળ
ગીયોડ મંદિર

પ્રદિપ સોલંકી
(બેંન્ક મેનેજર)
સાપ તથા પક્ષી રેસ્ક્યુ
મો. ૯૮૨૪૨૫૬૪૧૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક